PEACE OF MIND

ડિસેમ્બર મા સિક ન્યૂઝલેટર ૨૦૨૫

# ક્રિસમસ આવૃત્તિ

## ફાઉન્ડર નોટ



નવું વર્ષ કોઈ કેલેન્ડરની તારીખ નથી — તે રોજની એક સાધના છે. આ વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે આ સાધના આપણને સૌમ્ય રીતે આત્મચિંતનમાં લઈ જાય:
જ્યાં જ્યાં આપણે દયાળુ રહ્યાં, ત્યાં આવોજ વ્યવહાર ચાલુ રાખીએ.

જ્યાં ક્યાંક ચૂક્યા, રસ્તો ભૂલ્યા ત્યાં નમ્રતાથી ભૂલ સુધારવાનું શીખીએ અને બંધનથી મુક્ત થઈ જઈએ.

પ્રતિક્રમણ અને સામાયિકને જીવનમાં ઉતારીએ— અઠવાડિયામાં એટ લિસ્ટ એક સામયિક કરીએ.

વિચાર, વાણી અને વર્તનમાં અહિંસાનો માર્ગ પ્રશસ્ત કરીએ જેથી શાંતિ પહેલાં આપણા અંતરમાં ઉપજે અને પછી એ બહાર વિશ્વમાં પ્રસરે.

નવા વર્ષ માટે નાના નાના, પરંતુ નિરંતર ચાલુ રહે એવા સંકલ્પ કરીએ:
~ બોલતા પહેલાં એક સચેત શ્વાસ લઈએ,
~ દરરોજ એક સેવા-કાર્ય કરી આત્માને ટાઢક આપીએ,
~ મળતા દરેક વ્યક્તિ સાથે એક સાચો અને સૌહાર્દ ભાવ પ્રગટ કરીએ, અને
~ જ્ઞાનને પોષતું પુસ્તકનું એક પાનું નિયમિત વાંચીએ.

• નમ્રતા આપણું આભૂષણ બને,
• કરુણા આપણી ભાષા બને,
• અને સત્ય આપણી ઓળખ બને.

આવનારા દિવસોમાં સૌને શાંતિ, હિંમત અને આત્માનો આનંદ પ્રાપ્ત થાય—એવી શુભકામનાઓ.

આશીર્વાદ સાથે

**સમણ શ્રુતપ્રજ્ઞજી**

ફાઉન્ડર, પીસ ઓફ માઈન્ડ, રાજકોટ

## એડિટર નોટ

શિયાળો ધીમે ધીમે આવે છે. બહાર ઠંડી હશે, પરંતુ અંદરમાં તો ઉષ્માની તલપ આપણે બધા રાખીએ છે —એક હૃદયસ્પર્શી વાત, એક અનાયાસ દયાભર્યો હાવભાવ. રસ્તાઓ દીવાઓથી ઝળહળે છે, અને નરમ ગુલાબી પાજામામાં સજ્જ બાળકો સાન્તાની રાહ જુએ છે અને એમાં પણ સૌથી સુંદર ભેટ તો એ જ —કોઈને માટે હાજર રહેવું, ડિનર ટેબલ પર એક વધારાની ખુરશી, કોઈ ફોનનો જવાબ, એક પ્રેમાળ આલિંગન...

આ આનંદની પળોમાં, ચાલો થોડુંક ધ્યાન એ લોકો તરફ પણ દોરીએ જેમની પાસે આપણા જેવું ભાગ્ય કદાચ ન હોય. આપણે જે રીતે ફીલ કરી શકીએ એ રીતે આ શિયાળામાં સૌ સાથે ઉષ્મા વહેંચીએ.



**શ્રેયા એમ. દોશી**

# અનુક્રમણિકા


## I. જૈન અને ખ્રિસ્તી ઉપદેશ પર શિયાળાના પ્રતિબિંબો

નિતિન મહેતા 3

## II. સત્સંગ

સત્સંગ 1 4

સત્સંગ 2 5

સત્સંગ 3 6

## III. સાધના

સાધના 1 7

સાધના 2 8

## IV. સેવા

શિક્ષકની તાલીમ 9

## V. શિક્ષણ

પ્રાર્થના અને મિત્રતાનો પવિત્ર સંદેશ 10

મૈત્રીભાવનો પવિત્ર પ્રવાહ: તાલીમ શિબિર 11

## VI. સાહિત્ય

LEADERSHIP ગીતા 12

## VII. સમણજીના આગામી કાર્યક્રમ

ઓક્ટોબર મહિનાના સમણજીના કાર્યક્રમો 13


'Abhavalay',Vinayak Vatika, Opp. Madhapar bus stop, Jamnager Road, Rajkot-360006. Gujarat , India | +91 884-993-2424 | pomyc.org@gmail.com | www.pomyc.org

# જૈન અને ખ્રિસ્તી ઉપદેશ પર શિયાળાના પ્રતિબિંબો

સમયનું ચક્ર ફરતું જાય છે અને દિવસોની ગતિ ઝડપી બનતી જાય છે, ત્યારે દેશભરમાં શિયાળો તેના બર્ફીલા નિર્જીવ સફેદ ચહેરા સાથે આપણું સ્વાગત કરે છે. તહેવારોની ઋતુની સુંવાળી ઘણી યાદો મનમાં ઊભી થવા લાગે છે, ત્યારે એક ક્ષણ શાંત ચિંતન માટે બોલાવે છે.

ક્રિસમસ આજકાલ આપણા દેશમાં જેટલો ધાર્મિક તહેવાર છે, એટલો જ તે ધાર્મિક સીમાઓને પાર કરતાં સૌના માટે ઉજવાતો સેક્યુલર ઉત્સવ પણ બની ગયો છે. ઘણાં લોકો તેમના વૃક્ષોને શણગારવા, ભેટો પેક કરવા અને પરિવાર સાથેના આનંદમય મિલન માટે આતુર થવા લાગ્યા હશે.

જૈન અને ખ્રિસ્તી દર્શનોમાં કેટલીક ઉપરછલ્લી સમાનતાઓ ધ્યાનમાં લેવા માટે કોઈ ખાસ મહેનત લાગે નહીં. જેમ મહાવીર સ્વામીએ સમગ્ર જીવમાત્ર પ્રત્યે કરુણાનો ઉપદેશ આપ્યો છે, તેમ જ ઈસુએ પણ — જ્યારે તેમણે ‘એક વિશાળ ટોળું જોયું અને તેમને દયા આવી અને તેમના રોગીઓને સાજા કર્યા’ (માથ્થ્યુ 14:14) અથવા જ્યારે તેમણે ફારસીઓએ કહ્યું, ‘તમારા પડોશીને તમારી જાત જેટલો જ પ્રેમ કરો’ (માથ્થ્યુ 22:39). ઈસુની કરુણાનું પરિમાણ કદાચ જૈન દર્શન જેટલું સર્વવ્યાપી ન હોય — કારણ કે તેમાં સમગ્ર પ્રાણી જગત અને સૃષ્ટિને સામેલ કરવામાં આવી નથી — તેમ છતાં ખ્રિસ્તી તત્ત્વચિંતનમાં દયાનો સૂર સ્પષ્ટ રીતે વાગે છે.

કોઈ વધુ ઊંડાણમાં શોધનારને, આ ઉપમાનાં રૂપક-સમુદ્રમાં, જૈન અને ખ્રિસ્તી દંતકથાને જોડતો વધુ વ્યાપક તાર મળતો હોય એવું લાગે. ક્રિસમસ તો ઈસુની જન્મતિથિનો ઉત્સવ છે, પરંતુ તેમના અંતિમ ત્યાગમાં જૈન દર્શનની ઝાંખી જેવી એક ગહન ઝલક જોવા મળે છે — જન્મ, કષ્ટ દ્વારા પ્રાયશ્ચિત, મરણ, પુનર્જન્મ અને અંતિમ મુક્તિ જેવા પગથિયાં તો દરેક જીવની યાત્રાના તબક્કા છે. નિસંદેહ મહાવીર સ્વામીએ આપણા પાપો માટે મૃત્યુની વર્ણન કર્યું નથી — પાપ તો આપણા પોતાના છે અને તે પાપનું નિર્વાણ આપણે પોતે જ કરવાનું છે — પરંતુ કોઈ સર્જનાત્મક મનને આ બંને કથાઓમાં કેટલાક પ્રતિધ્વનિ અને ગહન તત્વની સમાન ઝાંખી સ્પષ્ટ દેખાય શકે.

આ તહેવારોમાં તમે કેટલા ‘ઇન્ટરસેક્શનલ’ અનુભવતા હોવ - તે ગમે તે હોય, તમારા માટે કરવાનું કાર્ય સ્પષ્ટ છે: કરુણા એ જીવનસભર યાત્રા છે, અને જેમ આપણે આગળ આવનારા વસંતની પ્રતીક્ષા કરીએ છીએ, તેમ તમને તમારા આંતરિક સ્ત્રોતોમાં કરુણાનો એક કોમળ ઝરો પ્રાપ્ત થાય — એવી હાર્દિક શુભકામનાઓ.

**નિતિન મહેતા**



નીતિનભાઈ મહેતા અમેરિકાના હ્યુસ્ટનમાં રહે છે. તેઓ વર્ષોથી જૈન સમાજ હ્યુસ્ટનમાં પોતાની અમૂલ્ય સેવાઓ આપી રહ્યા છે. ધાર્મિક કમિટીમાં તેઓ સક્રિય છે, પાઠશાળામાં તેઓ બાળકોને ભણાવે છે. જૈનદર્શનના ગહન અભ્યાસી છે.

# સત્સંગ

નવેમ્બર ૩ થી ૭, ૨૦૨૫

## કોબા આશ્રમમાં સમણ શ્રુતપ્રજ્ઞજીની સાધના અને પ્રેરણાત્મક પ્રવચનો

સમણ શ્રુતપ્રજ્ઞજી નવેમ્બર 3 થી 7, 2025 સુધી ગુજરાતના ગાંધીનગર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, કોબા ખાતે સાધના હેતુ બિરાજયા હતા. સાધના દરમિયાન તેમને ગુરુકુળમાં આયોજિત બાળ શિબિરમાં બાળકોને વિશેષ ઉદ્બોધન આપ્યું હતું. સાથો સાથ આશ્રમમાં સાધના કરતાં મુમુક્ષુઓને શ્રીમદ રાજચંદ્ર જન્મ જયંતિ પ્રસંગે વિશેષ પ્રવચન લાભ આપ્યો હતો.



કારા શ્રીમદ આશ્રમ ખાતે શ્રીમદ રાજચંદ્ર જયંતિ નિમિત્તે સામના શ્રુતપ્રજ્ઞાજીનું વિશેષ પ્રવચન





સમણ શ્રુતપ્રજ્ઞજીએ એમના પ્રવાસ દરમિયાન કસ્તુરબા ગાંધીના નામે ચાલતી સ્ત્રી આધ્યાત્મિક મંદિર, કોબામાં પીટીસી કરી રહેલ ૩૦૦ જેટલી દીકરીઓને શિક્ષકની ગુણવત્તા પર વિશેષ પ્રવચન આપ્યું હતું. સમણ શ્રુતપ્રજ્ઞજીએ કહ્યું કે "શિક્ષકના હાથમાં પુસ્તક જ શોભે, મોબાઇલ ક્યારેય નહીં." શિક્ષક સ્વાધ્યાયશીલ હશે તો વિધાર્થીઓમાં મૂલ્ય ઘડતરનું કાર્ય કરી શકશે. મુમુક્ષુ નવનીતે પણ ખૂબ નિષ્ઠાથી આયોજનમાં સહયોગ કર્યો હતો. શ્રીમતી ગાયત્રીબેનનો વિશેષ સહયોગ રહ્યો હતો. સ્ટાફ વતી સન્માનીય કમલેશભાઈએ સમણશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.



# તપોવનનો પંચદિવસીય શૈક્ષણિક અને આધ્યાત્મિક પ્રવાસ

૧૦-૧૫ નવેમ્બર | તપોવન

તપોવનનો આ પંચદિવસીય શૈક્ષણિક પ્રવાસ અને આધ્યાત્મિક શિબિરનો એક અનોખો અનુભવ રહ્યો. સમણ શ્રુતપ્રજ્ઞજીની પાવન પ્રેરણા અને ભીમસીભાઈ કરમૂરના નેતૃત્વમાં બાળકોએ દેશરક્ષા, સંસ્કૃતિ, ઇતિહાસ અને આધ્યાત્મનો સુંદર સમન્વય અનુભવ્યો. પ્રયાણની શરૂઆત બનાસકાંઠાની આર્મી બોર્ડરથી થઈ અને ઉદયપુર મારફતે ધાનીન સ્થિત શાંતિમય સંબોધિ ઉપવન પહોંચ્યો. ઉદયપુરમાં જ્યોતિબેન આનંદભાઈ ચોરડીયાએ હર્ષભેર આતિથ્યનો લાભ લીધો.





પ્રવાસ દરમિયાન શ્રીનાથજીના આનંદમય દર્શન, રાજસમંદની નૌ ચોકી ઝીલ, ચારભુજા, વિશ્વવિખ્યાત કુંભલગઢ કિલ્લો, રાણકપુરના જૈન દેરાસરો અને માઉન્ટ આબુના અભૂતપૂર્વ દેલવાડા દેરાસરોએ બાળકોને ઇતિહાસ, કલાત્મકતા અને ભક્તિનો ઊંડાણથી પરિચય થતો. અંતે અંબાજીના શાંતિમય દર્શન કરીને સૌ સુરક્ષિત રીતે પરત ફર્યા.

સંબોધિ ઉપવન, પૂજ્ય શુભકરણજી સ્વામી પ્રેરિત આશ્રમમાં, ૨૦ બાળકો અને ૪ સહયોગીઓએ ત્રણ દિવસનું ધ્યાન-શિક્ષણનું સાદગીભર્યું વાતાવરણ માણ્યું. સમણજીએ ચાર ભાવનાઓ પર જીવંત પ્રવચનો આપ્યા અને લાલાજીએ સૌને પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું. ભીમસીભાઈ, કીર્તિભાઈ દોશી અને અભીપ્સાબેન પણ આ યાત્રામાં જોડાયા.



આ પ્રવાસને સફળ બનાવવા બદલ આનંદ જ્યોતિ ચોરડીયા, લાલાભાઈ, ચંપાલાલ, સંબોધિના ટ્રસ્ટીગણ, અભીપ્સાબા, કીર્તિભાઈ દોશી અને અમદાવાદથી આશિષ મહેતાનો હૃદયપૂર્વક આભાર. પ્રવાસ ખર્ચમાં પીસ ઑફ માઈન્ડ રાજકોટ, તપોવન વાલી પરિવાર, રામશી કરમૂર પરિવાર તથા બાળકોના વાલીઓએ ઉદાર સહયોગ આપ્યો.






યાત્રાએ વિદ્યાર્થીઓને જ્ઞાન અને જીવન બંનેના મૂલ્યવાન પાઠ શીખવ્યા. મહારાણા પ્રતાપની ગૌરવગાથા અને કુંબલગઢનો વૈભવ જોઈ તેમના મનમાં ઇતિહાસ જીવંત બની ઉઠ્યો. સમણજીએ સમજાવેલી મૈત્રી વગેરે ચાર ભાવના દ્વારા કરુણા, સજાગતા અને આત્મશુદ્ધિના ભાવ ગાઢ થયા. શ્રીનાથજી તરફ જતા માર્ગમાં ચાયવાળાએ માર્ગનું દર્શન કરાવ્યું, તે ક્ષણે માનવતાના સાચા સૌંદર્યનો અનુભવ થયો.

સંબોધિની ઉકાળી, રાજસ્થાની દાલ-બાટી અને માર્બલ ખાણો જેવા સાંસ્કૃતિક અનુભવો સાથે યાત્રા આનંદમય બની ઉઠી. દરેક જગ્યાએ આ બાળકોને ભરપૂર સહયોગ અને પ્રેમ સાંપડ્યો. સર્વત્ર તપોવનના વિદ્યાર્થીઓની શિસ્ત, સંસ્કાર અને વિનમ્રતા સૌને મંત્રમુગ્ધ કરી ગઈ—જે તપોવનની ઉદ્દાત સંસ્કૃતિનું સુંદર પ્રતિબિંબ છે.

# વ્યક્તિગત સાધના સપ્તાહ

તા. નવેમ્બર ૨૦ થી ૨૫, ૨૦૨૫
વવાણિયા: મોરબી



સમણ શ્રુતપ્રજ્ઞજી તારીખ 20 થી 25 નવેમ્બર સુધી એક સપ્તાહની વ્યક્તિગત સાધના માટે મોરબી નજીક આવેલા વવાણિયામાં શ્રીમદ રાજચંદ્ર આશ્રમમાં વિરાજ્યા હતા. એમને સવાર, બપોર અને સાંજે મૌન વ્રત સાથે ધ્યાન સાધનાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. સવારના નિત્ય પ્રાર્થનામાં પણ જોડાયા હતા.



આશ્રમની બાજુમાં સ્થિત નીમ કરોરી બાબા આશ્રમમાં પણ તેઓએ નિયમિત ધ્યાન કર્યું હતું. સુંદર વ્યવસ્થા કરવા બદલ સૌ ટ્રસ્ટીઓનો અને જેસંગભાઈનો પીસ ઓફ માઈન્ડ સંસ્થાવતી સમણજી તરફથી આભાર વ્યકત કરીએ છીએ.



# આધ્યાત્મિક ઊંડાણ, અર્થપૂર્ણ સંવાદો અને ઉષ્માભર્યા આતિથ્યનો અનુભવ

રૂપલ આકાશ જૈન દ્વારા એક પ્રતિબિંબ

અમેરિકા રહેતા અમે આઈ.ટી. પ્રોફેશનલ્સ અને અમારી ટીમ તાજેતરમાં ભારતભરની જૈન યાત્રા પર નીકળી. અનેક તીર્થો અને આધ્યાત્મિક મહત્ત્વ ધરાવતા સ્થળોની મુલાકાત પછી, અમને સમણજી તરફથી એમના સેન્ટરની મુલાકાત માટે આમંત્રણ મળ્યું. ત્યાં રાત્રિ રોકાણ કરીને બીજા દિવસની સવાર સુધી અમે તેમના સેન્ટર પર રોકાયા. તેમનું હૃદયસ્પર્શી આતિથ્ય, દરેક નાનાં બાબત પર આપેલું ધ્યાન અને સ્નેહભર્યું વર્તન અમને અત્યંત સ્પર્શી ગયું. યાત્રાના પહાડી ચઢાણ પછી અમારો ત્યાં સરસ આરામ થાય એની સમણજીએ વિશેષ કાળજી લીધી પછી, તેમણે સ્વયં જ અમને પૌષ્ટિક નાસ્તો પીરસ્યો, જે જીવનભર યાદ રહે તેવી ક્ષણ બની.

અમારી મુલાકાતનું એક વિશેષ આકર્ષણ વ્યક્તિગત સત્સંગ હતો. પાલીતાણા અને ગિરનારજીના દર્શન બાદ થયેલી અમારી ચર્ચાઓ અતિ અર્થસભર અને ગહન બની. કૃષ્ણ અને નેમિનાથના સમાન તત્વો સહિત વિવિધ ધર્મોમાં રહેલા પરસ્પર સંબંધો વિશે વિચાર-વિમર્ષ થયો. જૈન સિદ્ધાંતો પર આધારિત, પરંતુ માનસિક અને શારીરિક સુખાકારી બંનેની સમજૂતી પૂર્વક સમજાવતા સમણજીના વ્યવહારુ જીવનમૂલ્યો અમને સૌને ખૂબ ગમી ગયા.



અમે નિષ્ફળતા અને નિરાશાના સ્વભાવ વિષે પણ ચર્ચા કરી — કે કેવી રીતે તાત્કાલિક રીતે દુઃખદ લાગતી પરિસ્થિતિઓ જીવનમાં આગળના વિકાસ અને પરિપક્વતા માટે માર્ગ તૈયાર કરે છે. જીવન ક્યારેક પોતાના નિયંત્રણની બહાર લાગે ત્યારે શું કરવું એ વિષે સમણજીનું માર્ગદર્શન એકદમ સરળ, પરંતુ અત્યંત ઊંડું હતું: “તમારા કર્મ પર ધ્યાન રાખો, ફળથી અલિપ્ત રહો, અને પરિણામને પોતાના સમયમાં આવવા દો.”

સમાજસેવા અંગેની ચર્ચાઓ પણ થઈ, ખાસ કરીને શિક્ષણ સાથે જોડાયેલા પ્રયત્નોને લઈને. છોકરીઓનું શિક્ષણ સમણજીના હૃદયની ખાસ નજીક છે. તેમના પરોપકારી કાર્યો વિશે વિગતવાર જાણવાની અને ભાવિ પ્રતિભાને પ્રોત્સાહનરૂપ એક બાળાની શિષ્યવૃત્તિ માટે પ્રાયોજક બનવાની તક મળવાથી અમને ગૌરવની અનુભૂતિ થઈ.

અમારી યાત્રાનો અંત રાજકોટના નાગેશ્વર તીર્થ દર્શન સાથે થયો—આધ્યાત્મિક ઊંડાણ, અર્થપૂર્ણ સંવાદો અને ઉષ્માભર્યા આતિથ્યથી ભરપૂર એક સુંદર અંતિમ અધ્યાય.

# સેવા

## પુરુષાર્થ વિદ્યાનિકેતન, ભાણવડ – સ્કોલરશીપ એવોર્ડ સમારોહ

**૨૯ નવેમ્બર ૨૦૨૫** **Abhavalay, Rajkot**

પુરુષાર્થ સ્કૂલ, ભાણવડ ખાતે સમણ શ્રુતપ્રજ્ઞજીના પવિત્ર સાનિધ્યમાં ૨૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ વિશેષ સ્કોલરશીપ એવોર્ડ સમારોહ યોજાયો હતો.

સ્કૂલના પ્રાચાર્ય, અને સ્ટાફ અને ૮૦૦ બાળકોની ઉપસ્થિતિમાં
સમારંભ દરમિયાન પુરુષાર્થ વિદ્યાનિકેતન માં અભ્યાસ કરતી ૭ પ્રતિભાશાળી દીકરીઓને સમણ શ્રુતપ્રજ્ઞજીના વરદહસ્તે સ્કોલરશીપ એનાયત કરવામાં આવી.

આ પવિત્ર કાર્યમાં ભારત અને વિદેશના અનેક દાતૃહૃદય પરિવારોએ ભાગ લીધો.

### સ્કોલરશીપ આપનાર દાતાઓ અને સ્કોલરશીપ એવોર્ડ લેનાર દીકરીઓ:


ક્રિષ્ના કદાવલા


હેતવી આંબલીયા


નીરુ રાઠવા


રશ્મિ દોશી


એકતા પાટડીયા


કિંજલ જાદવ


પૂર્વી શાહ


શ્રદ્ધા કાપડી


શ્રુતિ વારોતરીયા

જ્યોત્સના નલીનભાઈ પટેલ( કોલંબસ, ઓહાયો) તરફથી શ્રદ્ધા કાપડી ને સ્કોલરશીપ આપવામાં આવી.. એવી રીતે શૈલી અપૂર્વ પટેલ (કોલંબસ, ઓહાયો) તરફથી પાટડીયા એકતા, શ્રુતિ વારોતરિયા, અને પૂર્વી શાહને, ઓજસ બરડીયા, બેંગલુરુ (બોસ્ટન) તરફથી કિંજલ જાદવ ને, રચના દવે (મેમ્ફિસ, શિકાગો) તરફથી નીરુ રાઠવા ને, અને રશ્મિ દોશીને, અમિતાબેન અજયભાઈ જૈન, ન્યૂયોર્ક તરફથી હેત્વી આંબલિયા ને અને પ્રિયંકાબેન અમિતભાઈ ચોરડિયા તરફથી ક્રિશ્ના કદવાલાને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી.

આ દરેક ઉદાર દાતાઓનો પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન રાજકોટ તરફથી ભાવપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

સમણ શ્રુતપ્રજ્ઞજીના આશીર્વાદથી આ દીકરીઓના શૈક્ષણિક જીવનમાં નવી પ્રેરણા અને નવી ઊર્જા પ્રવેશી છે. આવા પુરુષાર્થમય કાર્યો સતત ફૂલે-ફાલે અને વિદ્યાર્થીઓને ઉત્તમ ભવિષ્ય તરફ દોરી જાય — એ જ પ્રાર્થના.

આગામી સ્પોન્સરશિપ રાઉન્ડમાં દાન આપવા માંગતા લોકો માટે, કૃપા કરીને ઇમેઇલ કરો: pomyc.org@gmail.com

# શિક્ષણ

## પ્રાર્થના અને મૈત્રીનો પાવન સંદેશ

**નવેમ્બર ૨૫, ૨૦૨૫** **એમ. ડી. મેહતા કન્યા વિદ્યાલય ધ્રોલમાં**

આજે, તા. 26 નવેમ્બર, એમ.ડી. મહેતા કન્યા વિદ્યાલયમાં સમણ શ્રુતપ્રજ્ઞજીએ 'પ્રાર્થના અને મૈત્રી' વિષય પર અત્યંત પ્રેરણાદાયી પ્રવચન આપ્યું. સમણજીએ પોતાના પ્રભાવશાળી વિચારોમાં જણાવ્યું કે પ્રાર્થના એટલે પરમચેતના સાથેનો મૌન સંવાદ. પ્રાર્થના દ્વારા મન શાંત, સ્થિર અને સ્પષ્ટ બને છે. મનની શાંતિ વિના સાચા સુખની અનુભૂતિ શક્ય નથી. પ્રાર્થના દરમિયાન જે આંતરિક શાંતિ અને કૃપા મળે છે તેને પરમ ઉર્જાનો અનુગ્રહ માનવો જોઈએ અને હંમેશા આભારભાવ રાખવો જોઈએ. પ્રવચનમાં તેમણે મૈત્રીભાવનાનું પવિત્ર ઝરણું એ ગીતની સુંદર સરળ વ્યાખ્યા કરી હતી.



એમને કહ્યું કે, દરેક જીવ પ્રત્યે મૈત્રભાવ, ગુણવાન વ્યક્તિ પ્રત્યે પ્રમોદભાવ, દુઃખી અને ક્રૂરને જોઈ કરુણા ભાવ અને જ્યારે કોઈ આપણી વાત ન માને, ત્યારે સમભાવ કેળવવો જોઈએ. કાર્યક્રમનું સમાપન બિંદુબેન, નીતાબેન અને કલ્પનાબેનના પરિચય અને આભારવિધિ સાથે થયું. સંસ્થાની સેક્રેટરી સુધાબેન દ્વારા સમણજીને વારંવાર વિદ્યાલયમાં આવી પ્રેરણામય લાભ આપવા વિનંતી કરવામાં આવી. આ પ્રવચન વિદ્યાર્થીનીઓ માટે આત્મિક વિકાસ અને સંસ્કારનો દિવ્ય સ્પર્શ બની રહ્યું.

શિક્ષા

# મૈત્રીભાવનું પવિત્ર ઝરણું: પ્રશિક્ષણ શિબિર

**તા. ૨૯ નવેમ્બર ૨૦૨૫**

આજે પુરુષાર્થ સ્કૂલ, ભાણવડમાં બેગલેસ ડે ના દિવસે સમણ શ્રુતપ્રજ્ઞજી દ્વારા મૈત્રી ભાવની પ્રાર્થના ઉપર શિબિર લેવામાં આવી હતી. આ શિબિરમાં સમણ શ્રુતપ્રજ્ઞજીએ આ પ્રાર્થનાના આધારે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાનું વિવેચન કર્યું હતું. સૌ શિક્ષકોએ પણ આ શિબિર એટેન્ડ કરી હતી.



# સાહિત્ય

## LEADERSHIP ગીતા

સમણ શ્રુતપ્રજ્ઞજીનું નવું પ્રકાશન




**લેખક:** સમણ શ્રુતપ્રજ્ઞજી
**પ્રકાશક** : પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન, રાજકોટ
**વિશેષતા :** રંગીન પુસ્તક, આર્ટ પેપર, ભરપૂર ઇમેજ સાથે અને એક સિટિંગ માં વાંચી શકાય એવું પુસ્તક.
**મૂલ્ય :** માત્ર ₹79/-
40 % ડિસ્કાઉન્ટ (10 પુસ્તકોના ઓર્ડર પર અને 11 ડિસેમ્બર સુધી ઓર્ડર નોંધાવનાર ને)

10 પુસ્તકો પોસ્ટિંગ ખર્ચ સાથે માત્ર ₹550/- માં.

ભગવદ્ ગીતાના પહેલાં અધ્યાયના બે શ્લોકનો આધાર બનાવીને સમણ શ્રુતપ્રજ્ઞજીએ સ્ટુડન્ટ ક્લબની "ખોજ" વ્યાખ્યાન માળામાં જે પ્રવચન આપેલું એ વિસ્તારથી "Leadership ગીતા" ના નામે પુસ્તિકા સ્વરૂપે આવી રહ્યું છે.

## સમર્પણ GITA

સમણ શ્રુતપ્રજ્ઞજીનું નવું પ્રકાશન

**લેખક :** સમણ શ્રુતપ્રજ્ઞજી
**પ્રકાશક :** પીસ ઓફ માઈન્ડ ફાઉન્ડેશન રાજકોટ
**વિશેષતા :** રંગીન પુસ્તક, આર્ટ પેપર, ભરપૂર ઇમેજ સાથે અને એક બેઠકમાં વાંચી શકાય તેવું પુસ્તક
**મૂલ્ય :** ₹79/-
40% ડિસ્કાઉન્ટ (૧૦ પુસ્તકોના ઓર્ડર પર અને ૨૫ ડિસેમ્બર સુધી ઓર્ડર આપનારને)
૧૦ પુસ્તકો પોસ્ટિંગ ખર્ચ સાથે માત્ર ₹550/-




ભગવદ્ ગીતા અધ્યાય બીજાના મુખ્ય 5 શ્લોકોના આધારે સ્ટુડન્ટ ક્લબમાં આપેલ પ્રવચન અહીં વિસ્તારથી સમર્પણ Gita ના નામે ઉપલબ્ધ છે.



# સમણ શ્રુતપ્રજ્ઞજીનો આગામી કાર્યક્રમ



| મહિનો | તારીખ | શહેર |
|---|---|---|
| ડિસેમ્બર | 9-14 | સંબોધિ ઉપવન<br>પૂજ્ય શુભકરણજી સ્વામી<br>જન્મ તિથિ |
| ડિસેમ્બર | 15-18 | રાજકોટ & ભાણવડ<br><br>મહેમાન: હિતેષભાઇ મહેતા મલેશિયા |
| ડિસેમ્બર | 19-22 | તપોવન વાલી શિબિર: ભાણવડ |
| ડિસેમ્બર | 23-29 | વ્યક્તિગત સાધના |
| ડિસેમ્બર-<br>જાન્યુઆરી | 30-8 | આભાવલય, રાજકોટ |
| જાન્યુઆરી | 9-12 | ભાણવડ: દ્વારકા |
| જાન્યુઆરી | 13-17 | વિશેષ યાત્રા<br>સુરત અને આસપાસ |
| જાન્યુઆરી | 18-24 | હુબલી અને બેંગલુરુ |
| ફેબ્રુઆરી | 13-23 | સિંગાપુર શિબિર |



**નોંધ:** આ સમણજીનો સંભાવિત કાર્યક્રમ છે. અનિવાર્યતા પ્રમાણે થોડો બદલાવ સંભવ છે. ફોન કે ઇમેઇલથી એમનો કાર્યક્રમ જાણી લેવો.